જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૫/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૪૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૦૬ લીટર દેશી દારૂ, ૭૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૧ બીયરટીન કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૫૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૫૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૭૫૧/૨૦૨૬**

કાલુપુરઃ થાનારામ લીલાજી પ્રજાપતિ (ઉ.વ.૫૨)(રહે. સોળ મંગ્લેશ્વર સોસાયટી, જયમાલા ઇસનપુર) એ તા.૨૮/૦૫/૨૦૨૬ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૬ થી તા.૨૧/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન થાનારામ પ્રજાપતિએ ફેસબુક ઉપર ઈમિટેશન ઘરેણાની જાહેરાત જોઈ મોબાઇલ નંબર ૭૩૫૩૫૫૦૯૬૧ ઉપર ફોન કરતા મોબાઇલ ઉપર સામેથી વાત કરનાર અજાણ્યા પુરૂષએ પોતે કોલકાતાથી ચાઇનાનો ઈમિટેશન માલ હોલસેલમાં વેચતો હોવાનું કહી થાનારામ પ્રજાપતિને વોટસએપ મોબાઇલ નંબર ૭૩૫૩૫૫૦૯૬૧ તથા મોબાઇલ નંબર ૯૭૨૭૫૯૨૧૦૯ મારફતે ઘરેણાના ફોટા મોકલ્યા હતા ત્યારબાદ અલગ–અલગ તારીખે થાનારામ પ્રજાપતિએ કાનની બાલી, લટકણ, વિંટી તથા બ્રેસલેટનો ઓર્ડર આપતા, આરોપીએ અલગ–અલગ ત્રણ QR કોડના મોકલી આપી, કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/– ફોન–પે મારફતે ટ્રાન્સફર કરાવી લઈ, માલ મોકલવા માટે બિલ્ટી તથા ટ્રાન્સપોર્ટની વાત કરી પોતાનો ફોન બંધ કરી દઇ માલ નહી મોકલી થાનરામ પ્રજાપતિ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.

સરખેજઃ ધર્મેશભાઇ યશવંતભાઇ પઢીયાર (ઉ.વ.૩૭)(રહે.આરંભ ફલેટ, આકાશ હોમની બાજુમાં, એલ.જે.કોલેજ રોડ સામે, ઉજાલા સર્કલ, સરખેજ) એ તા.૨૮/૦૫/૨૦૨૬ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૪/૨૦૨૬ સાંજના ૬/૧૫ થી ૭/૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે કોઇ અજાણ્યા મોબાઇલ નંબર ૯૨૭૪૮૨૧૬૮૨ ના ધારકે ધર્મેશભાઇના વોટ્સઅપ નંબર ઉપર લીંક મોકલી હતી. જે લીંકમાં કલીક કરતા ધર્મેશભાઇના મોબાઇલની સિસ્ટ્મ અપડેટ થઇ ગઇ હતી. ત્યારબાદ અજાણ્યા મોબાઇલ નંબરના ધારકે ધર્મેશભાઇના મોબાઇલ ફોનનું એકસેસ મેળવી લઇ, ધર્મેશભાઇના બેંક ખાતામાંથી ગુગલ–પે દ્વારા કુલ રૂપિયા ૫૯,૯૮૦/– પોતાના પંજાબ નેશનલ બેન્કના ખાતા નંબર.૬૭૭૯૦૦૦૧૦૦૨૦૫૩૯૧ માં ટ્રાન્સફર કરી લઇ ધર્મેશભાઇ પઢીયાર સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.એલ.ચાવડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી